**વાદી/અરજદાર:–**

(૧)જીવાભાઈ નારણભાઈ વાઢેળ

(૨) ઉકાભાઈ નારણભાઈ વાઢેળ

(૩)પ્રવિણભાઈ નારણભાઈ વાઢેળ

**પ્રતીવાદી/સામાવાળાઃ–**

(૧) પીઠાભાઈ માયાભાઈ વાઢેળ

**અરજ:– સી.પી.સી ઓર્ડર : ૨૧ રૂલ ૧૧ મુજબ હુકમનામાની બજવણી હેઠળ આંક–૧ નીચે હુકમ.**

દરખાસ્તદારની હાલની અરજી સી.પી.સી ઓર્ડર :૨૧ રૂલ ૧૧ મુજબ રજુ કરવામાં આવેલ છે. જેમા એવી હકીકત જણાવેલ છે કે, રે.દિ.મુ.નં.૧૨૬/૦૧૦ ના મુળ વાદી અને પ્રતિવાદી વચ્ચે સમાધાન થતા તા. ૧૯/૧૨/૦૧૦ ના રોજ નામદાર કોર્ટ દ્વારા ડિક્રી કરવામાં આવેલી. જેમા નામદાર કોર્ટે એવો હુકમ કરેલ છે કે......

(૧) મોજે કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામની સીમની જમીન સર્વેનં.૨૯૩ હે.આરે.મી. ૧–૧૦–૫૯ આ.રૂ.૪–૧૨ ની વાદીઓની છે અને સર્વે નં.૩૦૨૫. હે.આરે.મી. ૦–૯૯–૮૯ ઓ.રૂ. ૩–૬૮ ની જમીન પ્રતીવાદીઓની માલીકીની છે.

(૨) પ્રતીવાદીની જમીનમાં પુર્વ દિશામાં શેરડી સંશોધન પાકોની જમીન બાજુ કુંવો આવેલ છે. સદર કુવો પક્ષકારોનો મજમુ છે. પ્રતીવાદીએ વાદીને પાણી લેતા અટકાવવાના નથી ઈલેકટ્રીક કનેકશન વાદીઓના દાદા અને પ્રતીવાદીના પીતા માયાભાઈ ખીમાભાઈ વાઢેળના નામનું ૫ એચ.પી.નુ સદર કનેકશન કુંવામાં આવેલ છે, તે મજીયારૂ છે. ઈલેક્ટ્રીક મોટર મજીયારી છે પ્રતીવાદીની દક્ષિણ બાજુ શેરડી સંસોધન ફાર્મ માં જવાનો રસ્તો છે. ત્યાંથી મજીયારા કુંવા તરફ ઉતર થી દક્ષિણ પૂર્વ શેઢા બરોબર રસ્તો બન્ને પક્ષકારોએ કાયમી ઉપયોગમાં રાખવાનો છે.

(૩) સદર મજીયારો કુંવો ઈલેકટ્રીક મોટર અને કુંવા કાઠે ઓરડી બન્ને પક્ષકારોની મજીયારી રહેશે. તેનો ખર્ચ બન્ને પક્ષકારોએ અડધો અડધ ભોગવવાના છે. તેમજ મોટર ઈલેકટ્રીકનુ બીલ પક્ષકારોએ અડધુ અડધુ ભરવાનુ રહેશે તેમજ વાડીએ કુંવા કાંઠે ઓરડી બનાવવી હોય તો ૫×૪ લંબાઈ પહોળાઈ

કુટની બનાવવાની રહેશે પાણીની કુંડીઓ કુંવા કાઠાની તેમજ કુંવાના કાંઠાની તેમજ કુંવાનો કાંઠો પક્ષકારના મજીયારો રહેશે.

(૪) પ્રતીવાદીની જમીન સર્વે નં.૩૦૨ પૈકી ૨ની જમીનમાં આવેલ કુંવો મજીયારો છે. ત્યાંથી વાદીની જમીન સર્વે નં.૨૯૩ સુધી પાઈપ લાઈન નાખેલ છે. તેમા વાદીઓએ તેના ખેતર સુધી પીયત માટે પાણી લઈ જવાનો છે. અને સદર પાઈપ લાઈન પ્રતીવાદીના ખેતર સુધી સંયુકત રહેશે અને ત્યાર બાદ વાદીઓની સ્વતંત્ર રહેશે તે રીતે ખર્ચ ઉપયોગ કરવાનો રહેશે.

(૫) પ્રતીવાદીની જમીનમાં કુંવો મજીયારો આવેલ છે. ઈલેકટ્રીક મોટર એચ.પી. ૫ની આવેલ છે. તેમાંથી કુંવા માંથી બન્ને પક્ષકારોએ પાણી લેવાના વારા ચાર– ચાર દીવસના રાખવાના છે. વારાની ગણતરી અંગ્રેજી તારીખ પ્રમાણે રહેશે.

ઉપરોકત મુજબ હુકમનામુ હોવા છતાં પ્રતિવાદીઓ માથાભારે થઈ, અમારો મજમુ હિસ્સો હોવા છતાં મજીયારા કુવામાંથી પાણી લેવા દેતા નથી કે કુવા કાંઠે ઓરડી બનાવવા દેતા નથી અને તે રસ્તાના ઉપયોગ અવરોધ અટકાયત કરતા હોવાથી વાદી નં. ૨ નાએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી અને વાદી નં. ૩ નાએ ઉપરોકત બાબતે નાયબ પોલીસ અધિકારી સાહેબ ગીર સોમનાથને લેખીત ફરીયાદ આપેલી છતાંય પ્રતિવાદીઓ વાદીના મજમુ હક્કનો વપરાસમાં રોજ અટકાયત કરતા હોવાથી તેઓએ હાલની અરજી આપેલી છે. જે અરજીના અનુસંધાને પ્રતિવાદી તરફે આંક–૧૧ થી તેનો જવાબ આપવામાં આવેલો છે. જેમાં મુળ તકરાર એવી લેવામાં આવેલી છે કે જે સમજાવટ થયેલ છે તે વાદીના વિ.વ.શ્રીના હસ્તાક્ષરમાં છે. તેમાં પક્ષકાર તથા બન્ને મધ્યસ્થીએ સાક્ષી તરીકે સહી કરેલી છે. પ્રતિવાદી અભણ છે તેમણે માત્ર સહી કરવાનું શીખેલ છે. દાવાના શરૂઆતમાં જ સમાધાનની વાત થયેલી છે. તે મુજબ વાદીના વિ.વ.શ્રીએ તેઓના હસ્તાક્ષરમાં સમાધાનનું લખાણ કરેલ તે લખાણમાં પક્ષકારે સહી કરેલી અને મધ્યસ્થીએ પણ સહી કરેલી. પરંતુ વાદીઓએ પ્રતિવાદી સાથે વિશ્વાસઘાતી લખાણ કરી, મુળ લખાણને બદલી નાંખી વાદીઓએ કપટપુર્વક પ્રતિવાદી સાથે સમાધાન કરવાની દાદ કોર્ટમાં રજુ કરી તે મુજબનું હુકમનામુ મેળવી લીધેલ છે. દરખાસ્તદારે પ્રતિવાદીઓ સામે જે આક્ષેપ કરેલ છે તેવુ કોઇ કૃત્ય પ્રતિવાદીઓએ કરેલ નથી જે વાંધા જવાબ લીધેલ છે. મારા પુરોગામી વકીલશ્રીએ વાદીની દરખાસ્ત અને પ્રતિવાદીના વાંધા જવાબ હેઠળ આંક–૧ લગત દરખાસ્તનો નીકાલ કરવા સારુ મુદ્દા ઘડેલા છે જેમા........

**મુદ્દા ન.–૧.** શું દરખાસ્ત વાદી સાબિત કરે છે કે, રે.દિ.મુ.ન.૧૨૬/૨૦૧૦ના કામે આંક–૧૪ થી રજુ થયેલ કરારદાદ જેન્યુન એટલે કે સાચી છે?

**મુદ્દા ન–૨.** શું દરખાસ્ત પ્રતિવાદી સાબિત કરે છે કે વાદીઓ ધ્વારા રે.દિ.મુ.ન.૧૨૬/૨૦૧૦ના કામે દગાબાજીથી ઓરીજનલ કરારદાદ બદલી નાખીને આંક–૧૪ વાળી કરારદાદ રજુ કરી કપટપૂર્વક હુકમનામું મેળવેલ છે ?

ઉપરોકત બન્ને મુદ્દા લગત બન્ને પક્ષકારોને પોતાના પુરાવાઓ રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આ કામે પ્રતિવાદી તરફે આંક–૩૦ થી સી.પી.સી. ઓર્ડર–૨૧, રૂલ–૩૨ ની સામે પોતાનો વાંધો રજુ કરેલ છે જેમા તેમણે દરખાસ્તદારની દરખાસ્તની હીકીકતોનો ઈન્કાર કરી એવા વાંધા લીધેલા છે કે, દરખાસ્ત એવી છે કે પ્રતિવાદીઓએ મજીયાર ખર્ચ સાથે કુવાના કાંઠાનું બાંધકામ કરવાનું છે તે બાંધકામ કરવા માટે વાદીઓએ અનેક વખત વિનંતી કરવા છતાં બાંધકામ કરાવતા નથી કે ખર્ચ આપવા ઈન્કાર કરે છે અને હુકમનામાનો ભંગ કરેલ છે. તેમની સામે ફોજદારી પગલા લેવા વિનંતી કરેલ છે અને તેની સામે પ્રતિવાદીએ કોર્ટ કમિશ્નર મારફત કુવાના કાંઠાનું તથા ઓરડીનું બાંધકામ કરાવવા વિનંતી કરેલ છે તેમજ વાદીઓ આથી કપટી, લુચ્ચા, વિશ્વાશઘાતી અને પ્રતિવાદીની અજ્ઞાનતાનો ગેરલાભ ઉઠાવીને સમાધાનથી અલગ અલગ કોપીઓ તૈયાર કરી તેમા છેતરપીંડીથી પ્રતિવાદીની સહી લઈ સમાધાનથી ખોટુ હુકમનામુ કરાવેલ છે. જેને ધ્યાને લઈને વાદીની દરખાસ્ત નામંજુર કરવા અરજ કરેલ છે.

દરખાસ્તદારની મુળ તકરાર એવી છે કે, આ કામના પ્રતિવાદીઓ માથાભારે થઈ તેઓનો મજમુ હીસ્સો હોવા છતાં મજીયારા કુવામાંથી પાણી લેતા નથી કે કુવા કાંઠે ઓરડી બનાવવા દેતા નથી તેમજ રસ્તાનો ઉપયોગ કરવા અટકાયત કરે છે જેથી આ મુદ્દા રજુ કરેલ છે. જે કામે વાદી દ્વારા રજુ કરેલ માર્ક–૩/૧ થી કરાર બાબતનું હુકમનામુ, ૩/૨ થી ડિક્રી, ૩/૩ થી ૩/૧૦ સુધી રેવન્યુ રેકર્ડની કોપી, નીશાની–૩/૧૧ થી ફરીયાદની નકલ, ૩/૧૨ થી ફરીયાદની નકલ, ૩/૧૩ થી પોલીસ અધિકારીનાઓને આપેલ લેખીત ફરીયદની નકલ પ્રવિણભાઈ વાઢેળ દ્વારા લખવામાં આવેલ પત્ર, નીશાની ૩/૧૪ થી જીવાભાઈ નારણભાઈ વાઢેળ દ્વારા આપવામાં આવેલ નોટીસ, ૩/૧૫ થી રજી.એડી.ની પહોંચ, ૩/૧૬ થી એક્નોલેજમેન્ટ ની નકલ, ૩/૧૭ થી રજી.એડી.દ્વારા પ્રતિવાદીઓએ દરખાસ્તદારને આપેલ જવાબ, ૩/૧૯ થી પ્રવિણભાઈ નારણભાઈ વાઢેળનાએ આપેલ ફરીયાદની કોપી રજુ કરવામાં આવેલ છે. દરખાસ્તદાર તરફે દસ્તાવેજી પુરાવાઓ જોતા દરખાસ્તદાર અને પ્રતિવાદી સામે સામસામી ફરીયાદ થયેલી છે. જેમા તેમની વચ્ચે મારામારીના આક્ષેપો છે. કોડીનારના પોલીસ સ્ટેશનમાં પ્રથમ માહીતી નં. ૩૨૧૫/૧૩ થી જે ફરીયાદ રજુ છે તે

CNR Number Filing No.
ફરીયાદ દરખાસ્તના પ્રતિવાદી પીઠાભાઇ માયાભાઇ વાઢેળએ આપેલી છે. જેમા આ કામના દરખાસ્તદારે તેમને માર મારેલ હોય જેથી પીઠાભાઇ ભાગી ગયેલા તેવી હકીકત જણાવેલ છે. જ્યારે કોડીનાર સેકન્ડ ગુ.ર.નં. ૩૨૧૮/૨૦૧૩ થી દરખાસ્તદારના કુંટુંબી કંચનબેન ઉકાભાઇ વાઢેળ તરફથી ફરીયાદ દાખલ કરવામાં આવેલી જેમા ફરીયાદીએ જણાવેલ છે કે તેઓ સવારે ૯ વાગ્યે તેમની જેઠાણી સાથે વાસણ કુસણનું કામ પતાવી પાણી વાળવા ગયા ત્યારે પ્રતિવાદીઓ ભુંડી ગાળો કાઢવા લાગેલા અને પાણી ભરવા દીધેલ નહી. દરખાસ્તદાર તરફે નીશાની ૩/૧૩ થી પોલીસ અધિકારીને આવી અરજી કરવામાં આવી છે. જેમા એવુ જણાવવામાં આવેલ છે કે કોર્ટના હુકમનામા મુજબ ૪-૪ દિવસના અંગ્રેજી તારીખ મુજબના પાણીના વારા રાખવાના છે. જેમા પ્રતિવાદી કહે છે કે અમારૂ ખેતર પાણી પી જશે પછી તમને પાણી આપીશુ પરંતુ એવુ બનતુ નથી. ઉલટાની ધમકીઓ આપે છે અને અમારે ત્યાં પાણી આવે ત્યારે પશુઓનું છાણ અવારનવાર અવેડામાં નાંખી દે છે જેથી ગાય ઢોર પશુ પાણી પીતા નથી તેવી હકીકત જણાવેલ છે.

સી.પી.સી.ઓર્ડર-૨૧, રૂલ-૩૨ જોતા હુકમનામાની અમલવારી માટે કરારના યથા નિર્દીષ્ટ પાલન અથવા માટે દાંપત્ય હક્કની પુન:સ્થાપન માટે અથવા મનાઇ હુકમ કરવા માટે જે પક્ષકાર ઉપર હુકમનામુ થયુ હોય તે પક્ષકારને તે હુકમનામુ પાલન કરવાની તક મળેલી હોય અને જાણી જોઇને તેનુ પાલન ના કર્યુ હોય, તો તેઓ દાંપત્ય હક્કની પુન:સ્થાપન માટેના હુકમનામાની બાબતમાં તેની મીલકત જપ્ત કરીને અથવા કરારના યથા નિર્દેશના પાલન માટે અથવા મનાઇ હુકમ મેળવવા માટેના હુકમનામાની બાબતમાં તેમને દિવાની જેલમા અટકાયતમાં રાખીને અથવા તેની મીલકત જપ્ત કરીને અથવા તે બન્ને પગલા લઇને હુકમનામાની અમલવારી કરી શકશે. દરખાસ્તદારની દરખાસ્તમાં પ્રતિવાદીઓ મજમુ હિસ્સો હોવા છતાં મજીયાર કુવામાંથી પાણી લેવા દેતા કે કુવા કાંઠે ઓરડી બનાવવા દેતા નથી તેના કામ માટે દરખાસ્ત રજુ કરવામાં આવેલ. દરખાસ્તદાર તરફે દરખાસ્તના કામે જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે, તે તમામ દસ્તાવેજો જોતા તેની અંદર આ કામના પ્રતિવાદીઓ કુવા કાંઠે ઓરડી બનાવવા દેતા નથી તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વાદીઓ અને પ્રતિવાદી વચ્ચે કુવામાંથી પાણી લેવા માટે અંગ્રેજી તારીખના ૪-૪ દિવસ નક્કી કરવામાં આવેલ છે. પરંતુ અંગ્રેજી તારીખના હપ્તાના ૪-૪ કયા કયા દિવસ નક્કી કરવામાં આવેલ છે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આ કામના પ્રતિવાદીની રે.સ.નં. ૩૦૨ પૈકીની જમીનથી પ્રતિવાદીના ખેતર સુધી સંયુકત પાઇપ લાઇન ન હોય તેવી કોઇ દરખાસ્તદારની હકીકત નથી કે પ્રતિવાદીએ પ્રતિવાદીના ખેતર સુધી સંયુકત રીતે જ પાઇપલાઇનનો ઉપયોગ કરવાનો હોય તેમા અવરોધ કરેલ હોય, તેવી કોઇ હકીકત દરખાસ્તદારની દરખાસ્તના કામે રજુ કરવામાં આવેલ નથી.

દરખાસ્તદાર અને પ્રતિવાદી વચ્ચે પાણીને લઇને તકરાર થયેલ છે.તે હકીકત રેકર્ડ ઉપર બન્ને પક્ષકારોએ લાવવાનો પ્રયત્ન કરેલ છે. માત્ર ફરીયાદ થયે થી કે માત્ર ફરીયાદીની નકલ રજુ કરવાથી તે હકીકત પ્રથમ દર્શનીય રીતે માનવા પાત્ર જણાતી નથી. આમ, વાદી તરફેની દરખાસ્ત તેની સાથે રજુ કરવામાં આવેલ સંશાધનીક કાગળો, પ્રતિવાદીનો જવાબ જોતા તેમજ નામદાર કોર્ટે આંક–૧ નીચે ઇશ્યુ કરાર કરી બન્ને પક્ષકારોને પુરાવાઓ રજુ કરવાનુ જણાવેલ હોવા છતાં બન્ને પક્ષકાર તરફથી કોઇ પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય જે હકીકત ધ્યાને લેતા અત્રેની અદાલતને દરખાસ્તદાર દ્વારા તેમની દરખાસ્તમાં માંગવામાં આવેલ સી.પી.સી.ઓર્ડર–૨૧, રૂલ–૩૨ મુજબ પ્રતિવાદીઓને સીવીલ જેલમાં મુકવા માટેના કોઇ સંજોગો હાલના તબ્બકે જણાય આવતા ન હોય, દરખાસ્તદારની દરખાસ્ત તે મુજબ આગળ ચાલવા પાત્ર જણાતી ન હોય, દરખાસ્તદારની દરખાસ્તનો નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

## –:હુકમ:–

(૧) દરખાસ્તદારની દરખાસ્તનો ઉપરોકત હુકમ મુજબ ફેંસલ કરવામાં આવે છે.

(૨) દરખાસ્તદારે તેની અરજીના કામે બીજી જે અરજીઓ રજુ કરેલ હોય તે મુળ દરખાસ્તની સાથે ડીસ્પોઝ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ આજ તારીખ: ૧૯ , માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૧૯/૦૫/૨૦૨૬
મુકામ: કોડીનાર

**(પઠાણ સજ્જાદહુસેન સગીરખાન)**
એડી. ચીફ. જયુડી.મેજી., કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩